॥ सा विद्या या विमुक्तये ॥


સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી

# મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ આર્ટ્સ કૉલેજ

(NAAC ACCREDITED 'B' GRADE)

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન) સુરત

સ્થાપના વર્ષ : ૧૯૧૮



# માહિતીપત્રિકા : ૨૦૨૨–૨૩

: પ્રકાશક :

કાર્યકારી આચાર્યશ્રી

## એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ

અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૨૪૦૦૨૫

# મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ આટ્‌ર્સ કૉલેજ, સુરત.

**(NAAC ACCREDITED 'B' GRADE)**

# માહિતીપત્રિકા

## ૧. પરિચય :-

જૂન, ૧૯૧૮માં સ્થપાયેલી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ આટ્‌ર્સ કૉલેજ (એમ.ટી.બી. આટ્‌ર્સ કૉલેજ) તાપી નદીના સુરમ્ય તટ ઉપર વિશાળ વિસ્તારમાં પથરાયેલી છે. બેંગ્લોર સ્થિત નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ દ્વારા ૨૦૦૭માં કૉલેજને તેની ભવ્ય પરંપરા અને શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, સંશોધનાત્મક પ્રવૃત્તિ, એન.એસ.એસ., એન.સી.સી. તથા સ્પોર્ટ્‌સ જેવી ઈતર પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓ તથા કૉલેજની ગુણવત્તાને આધારે પાંચ વર્ષ માટે 'B' ગ્રેડ આપવામાં આવેલ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો પૈકી અત્યાર સુધી નેક એક્રેડીટેશન થયેલ તમામ કૉલેજોમાં પણ એમ.ટી.બી. આટ્‌ર્સ કૉલેજ એક માત્ર કૉલેજ છે જેને 'B' ગ્રેડ મળેલ છે. સને ૨૦૧૦ના વર્ષમાં UGC દ્વારા એમ.ટી.બી. આટ્‌ર્સ કોલેજને CPE એવોર્ડ મળેલ છે. દક્ષિણ ગુજરાતમાં માત્ર એમ.ટી.બી. કૉલેજને જ CPE Award નું ગૌરવ પ્રાપ્ત થયું છે, જે અંતર્ગત કૉલેજના દરેક વિભાગને શૈક્ષણિક રીતે ઊર્ધ્વગામી બનાવવા UGC એ વધારાના Certificate અને Diploma Courses ચલાવવા માટે માન્યતા આપી છે. આ અભ્યાસક્રમો અને વર્ગોની વિગતો નીચે મુજબ છે. ૨૦૨૨-૨૩ ના વર્ષમાં એમ.ટી.બી. આટ્‌ર્સ કૉલેજમાં નીચેના અભ્યાસક્રમો શીખવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી કાયમી માન્યતા મળેલી છે.

(૧) પ્રથમ વર્ષ બી.એ.(સેમે.-I / સેમે.-II) (૨) દ્વિતીય વર્ષ બી.એ. (સેમે.-III / સેમે.-IV)

(૩) તૃતીય વર્ષ બી.એ. (સેમે.-V / સેમે.-VI)

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, માનસશાસ્ત્ર - મુખ્ય તથા ગૌણ વિષય તરીકે તથા આંકડાશાસ્ત્ર - ફક્ત ગૌણ વિષય તરીકે)

(૪) એમ. એ. (સેમે.-I / સેમે.-II / સેમે.-III / સેમે.-IV) (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઈતિહાસ અને માનસશાસ્ત્ર)

દરેક કક્ષાએ શીખવાતા વિષયોની માહિતી આગળ આપેલ છે. ૨૦૨૨-૨૦૨૩ ના શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર, થી શરૂ થાય છે.

## ૨. પ્રવેશપાત્રતા અને વિધિ :-

ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી બોર્ડની બારમા ધોરણની સામાન્ય પ્રવાહની કે વિજ્ઞાન પ્રવાહની અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિનયન (આટ્‌ર્સ) વિદ્યાશાખાના બી.એ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેની પાત્રતા મેળવે છે.

કૉલેજમાં પ્રવેશ ગુજરાતી માધ્યમમાં મળશે. ગુજરાત રાજ્યના હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષાનું પરિણામ બહાર પડે તે પછી પ્રવેશપત્રો સ્વીકારવામાં આવશે. પરિણામ જાહેર થયા પછી વિદ્યાર્થીએ પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રવેશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વખતોવખત જાહેર થતાં ધારાધોરણો તેમજ ગુજરાત સરકારશ્રીના નીતિનિયમો પ્રમાણે અપાશે. વિદ્યાર્થીએ મેળવેલા ગુણાંક ને ધ્યાનમાં રાખી ગુણવત્તા પ્રમાણે વિષયપસંદગીના ક્રમાનુસાર પ્રવેશ અપાશે. કૉલેજના બીજા તેમજ ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવવા ઉત્સુક જૂના વિદ્યાર્થીઓએ તેમનું પરિણામ જાહેર થયાના પાંચ દિવસમાં ઓનલાઈન પ્રવેશ મેળવી લેવો. જૂના વિદ્યાર્થી તરીકે તેમને

પાછળથી પ્રવેશ આપવાની અને ખાસ કરીને પસંદગીના વિષયમાં પ્રવેશ આપવાની જવાબદારી કૉલેજની રહેશે નહીં.

યુનિવર્સિટીનાં ધારાધોરણો તેમજ કૉલેજના વહીવટ અનુસાર પ્રવેશ અંગે કેટલીક મહત્ત્વની બાબતો વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતાં પહેલાં કાળજીપૂર્વક સમજી લેવી જોઈએ.

**આ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ. માં પ્રવેશ મેળવવા માટે : (સેમ. –૧)**

(૧) નિયત કરેલા પ્રવેશપત્રમાં (ઓન લાઈન - **mtbarts.ac.in** પર **Link** મળશે.)

(૨) અરજી સાથે નીચે જણાવેલ પ્રમાણિત પ્રમાણપત્રો રજૂ કરવાનાં રહેશે. ઓનલાઈન પ્રક્રિયા પ્રમાણે સ્કેનીંગ કરવાના રહેશે.

(અ) હાયર સેકન્ડરીના બારમા ધોરણની પરીક્ષામાં મેળવેલા ગુણ દર્શાવતા મૂળ ગુણકપત્રક સાથે તેની બે પ્રમાણિત નકલ

(બ) સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટની બે પ્રમાણિત નકલો

(ક) અનામત વર્ગના જાતીના દાખલાની પ્રમાણિત નકલ (જો લાગુ પડતું હોય તો)

**સ્થળાંતર પ્રમાણપત્ર :** આ કૉલેજમાં દાખલ થતાં પહેલાં જેઓ બીજી કૉલેજમાં ભણ્યા હશે એમણે પ્રવેશ લીધા પછી તેઓ જે કૉલેજમાંથી આવ્યા હોય ત્યાંથી સ્થળાંતર પ્રમાણપત્ર (ટ્રાન્સફર સર્ટિફિકેટ) લાવવાનું રહેશે. એ માટેની અરજી કૉલેજના કાર્યાલયમાંથી મળતાં છાપેલાં ફોર્મમાં જરૂરી વિગતો ભરી આપી દેવી. સ્થળાંતર સર્ટિફિકેટ મેળવવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. કૉલેજ ફક્ત વિદ્યાર્થીએ આપેલી અરજી રવાના કરશે.

**યોગ્યતા પ્રમાણપત્ર :-** અન્ય યુનિવર્સિટી કે બોર્ડમાંથી આવનાર વિદ્યાર્થીને આ કૉલેજમાં પ્રવેશ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું કામચલાઉ યોગ્યતાનું પ્રમાણપત્ર (પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવવું જરૂરી છે. છેલ્લી પરીક્ષાનું પરિણામ દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરવાથી યુનિવર્સિટી તરફથી કામચલાઉ (પ્રોવિઝનલ) યોગ્યતા પ્રમાણપત્ર મળી શકશે, જેને આધારે કૉલેજમાં કામચલાઉ પ્રવેશ આપવામાં આવશે. **પ્રવેશ મેળવ્યા બાદ પ્રથમ સત્ર પૂરુ થાય તે પહેલા આખરી યોગ્યતા પ્રમાણપત્ર (ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) વિદ્યાર્થીએ રજૂ કરવાનું રહેશે, અન્યથા તેનો પ્રવેશ રદ્ થવાને પાત્ર ગણાશે.**

# ઓનલાઈન પ્રવેશ માર્ગદર્શન

Sarvajanik Education Society
**Maganlal Thakordas Balmukunddas Arts College**
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

College website

Admission Process Overview

Online Form Registration Process

**Online Form Registration**

Register form for

BA FIRST YEAR ADMISSION | GO

OR

Already registerd? PRINT YOUR FORM

**Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.**

Sarvajanik Education Society
**Maganlal Thakordas Balmukunddas Arts College**
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home   Admission for: **BA FIRST YEAR ADMISSION**   College website

**Important Instructions**

- You are advised to fill in only one form.
- Mobile verification is mandatory for online registration. One mobile number can be used to register only one form.
- Documents Needed for Uploading the Application Form.
  only PDF Files be will be uploaded (The PDF file must not exceed 100 KB)
  1. Recent Passport Size Photograph
  2. HSC Mark-sheet
  3. Bank Passbook
  4. Passing Certificate
  5. School Leaving Certificate
  6. Transfer Certificate (Applicable to the Students of Board other than GSHEB)
  7. Caste Certificate (SC/ST/SEBC/OBC/EWS)
  8. Non-Creamy Layer Certificate (SEBC/OBC)
  9. Income Certificate (SEBC/OBC/EWS)
  10. Aadhar Card

BACK   CONTINUE

**Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.**

Sarvajanik Education Society
**Maganlal Thakordas Balmukunddas Arts College**
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home   Admission for: **BA FIRST YEAR ADMISSION**   College website

**Link Mobile Number**


Mobile number   9081604555


**One admission form - one mobile number**


Please note, each form is linked with unique mobile number. If you need to fill another form you have to use different mobile number for that form.
If same child's admission form is submitted with different mobile numbers, it will get cancelled.


PROCEED


**Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.**


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
Fill Admission Form
PHOTO
GENERAL INFO.
CONTACT INFO.
PERSONAL INFO
LAST INSTITUTE
LAST EXAM MARKS
SUBJECT SELECTION FORM
ACKNOWLEDGEMENT
UPLOAD DOCUMENT
Photo (Click on photo to upload)
Student Photo *
Please fill all * marked fields
PREVIOUS
NEXT
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
Fill Admission Form
PHOTO
GENERAL INFO.
CONTACT INFO.
PERSONAL INFO
LAST INSTITUTE
LAST EXAM MARKS
SUBJECT SELECTION FORM
ACKNOWLEDGEMENT
UPLOAD DOCUMENT
General Info.
Student name
Yagnesh
Father name
Gemalsinh
Surname
Parmar
Gender
Male
Date of birth
09/06/2020
Religion
Hindu
Caste
HINDU
Please fill all * marked fields
PREVIOUS
NEXT
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
Fill Admission Form
PHOTO
GENERAL INFO.
CONTACT INFO.
PERSONAL INFO
LAST INSTITUTE
LAST EXAM MARKS
SUBJECT SELECTION FORM
ACKNOWLEDGEMENT
UPLOAD DOCUMENT
Contact Info.
Father mobile
9081604555
Mother mobile
10 digits only
Student mobile
9081604555
Student email
Please fill all * marked fields
PREVIOUS
NEXT
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
Fill Admission Form
PHOTO
GENERAL INFO.
CONTACT INFO.
PERSONAL INFO
LAST INSTITUTE
LAST EXAM MARKS
SUBJECT SELECTION FORM
ACKNOWLEDGEMENT
UPLOAD DOCUMENT
Personal Info
Land Line Phone Number
Nationality
INDIAN
Native Place
NAVSARI
Current Address
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
Parmanent Address
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
Please fill all * marked fields
PREVIOUS
NEXT
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society

**Maganlal Thakordas Balmukunddas Arts College**

MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home Admission for: **BA FIRST YEAR ADMISSION**

College website

**Fill Admission Form**

- PHOTO
- GENERAL INFO.
- CONTACT INFO.
- PERSONAL INFO
- LAST INSTITUTE
- LAST EXAM MARKS
- SUBJECT SELECTION FORM
- ACKNOWLEDGEMENT
- UPLOAD DOCUMENT


**Last Institute** (Total Marks and Total Out off filed are compulsory)

| | |
|---|---|
| Stream | Arts |
| Board | GSEB HSC |
| Passing Month | March |
| Passing Year | 2020 |
| Institute Name | AMBIKA HIGH SCHOOL |
| Institute Address | AT PO GADAT NAVSARI |
| Center City | NAVSARI |
| Seat No | B1234 |

Please fill all * marked fields

PREVIOUS NEXT

**Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.**


Sarvajanik Education Society

**Maganlal Thakordas Balmukunddas Arts College**

MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home Admission for: **BA FIRST YEAR ADMISSION**

College website

**Fill Admission Form**

- PHOTO
- GENERAL INFO.
- CONTACT INFO.
- PERSONAL INFO
- LAST INSTITUTE
- LAST EXAM MARKS
- SUBJECT SELECTION FORM
- ACKNOWLEDGEMENT
- UPLOAD DOCUMENT


**Last Exam Marks** (Tick mark to subject and add marks detail)

| Subjects | Total Marks | Obtained Marks |
|---|---|---|
| Gujarati | 100 | 98 |
| English | 100 | 89 |
| Sanskrit | 100 | 96 |
| Mathematics | 100 | 87 |
| Sociology | 100 | 97 |
| Psychology | | |

Please fill all * marked fields

PREVIOUS NEXT

**Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.**


Sarvajanik Education Society

**Maganlal Thakordas Balmukunddas Arts College**

MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home Admission for: **BA FIRST YEAR ADMISSION**

College website

**Fill Admission Form**

- PHOTO
- GENERAL INFO.
- CONTACT INFO.
- PERSONAL INFO
- LAST INSTITUTE
- LAST EXAM MARKS
- SUBJECT SELECTION FORM
- ACKNOWLEDGEMENT
- UPLOAD DOCUMENT


**Subject Selection Form**

| | |
|---|---|
| Semester | B.A. Sem-1 |
| Foundation Compulsory | English L1 |
| Foundation Elective | Environmental Studies L2 |
| Core Allied | Elements of Statisti L3 |
| Principal Subject | Gujarati |
| Subsidiary Subject | Sanskrit |
| Activity Subject | N.C.C |

Please fill all * marked fields

PREVIOUS NEXT

Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society

**Maganlal Thakordas Balmukunddas Arts College**

MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001

ONLINE REGISTRATION PORTAL

Home Admission for: **BA FIRST YEAR ADMISSION**

College website

**Fill Admission Form**

- PHOTO
- GENERAL INFO.
- CONTACT INFO.
- PERSONAL INFO
- LAST INSTITUTE
- LAST EXAM MARKS
- SUBJECT SELECTION FORM
- ACKNOWLEDGEMENT
- UPLOAD DOCUMENT

**Acknowledgement**


I solemnly declare that all of the above details are true, and that I have read the college rules and regulations, I assure to abide by them and if the information found false or inadequate, the admission may be canceled, which I hereby acknowledge.

☑ I Agree


Please fill all * marked fields


PREVIOUS NEXT

Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
Fill Admission Form
PHOTO
GENERAL INFO.
CONTACT INFO.
PERSONAL INFO
LAST INSTITUTE
LAST EXAM MARKS
SUBJECT SELECTION FORM
ACKNOWLEDGEMENT
UPLOAD DOCUMENT
Upload Document
SSC Marksheet
Choose File 0c4876e490e1e4dc925cc09be057a5a5.jpg Reset
HSC Marksheet
Choose File Choose File
School Leaving Certificate
Choose File 2f31d892e412448ef338315d4da62a80.jpg Reset
ID Proof
Choose File 009 - Copy.png Reset
Caste Certificate
Choose File Choose File
Civil Certificate if Handicapped
Choose File Choose File
Please fill all * marked fields
PREVIOUS
NEXT
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.


Sarvajanik Education Society
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athawalines, Surat, Gujarat, India, 395001
ONLINE REGISTRATION PORTAL
Home
Admission for: BA FIRST YEAR ADMISSION
College website
BACK
Review / Verify Details
NEXT
SARVAJANIK EDUCATION SOCIETY
Maganlal Thakordas Balmukunddas Arts College
MTB College Campus, Athwalines, Surat, Gujarat, India, 395001,
(p) +91 0261 2240025
Personal Information
Application Number :-
Name: YAGNESH GEMALSINH PARMAR
Gender: Male
Birthdate: 09-Jun-2020
MobileNo: 9081604555
Email:
Religion: Hindu
Caste: HINDU
Phone No:
Nationality:INDIAN
Native Place:NAVSARI
Minority:Yes
Parent's Guardians Name:67
Mobile:9081604555
Occupation:567
Annual Income:567
Don't press 'BACK' button. Use on-screen options/controls to navigate.




**VERIFY AND LOCK YOUR DATA FOR ADMISSION PROCESSING**

૩. ફી:-

| | | |
|---|---|---|
| (૧) | ટયુશન ફી : પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ, તૃતીય વર્ષ બી.એ. (સત્રદીઠ) .......... | રૂા. ૬૦૦-૦૦ |
| (૨) | કૉલેજ એડમિશન ફી (પ્રવેશ વખતે) | રૂા. ૧૦૦-૦૦ |
| (૩) | આઈડેન્ટીટી કાર્ડ ફી (પ્રવેશ વખતે) | રૂા. ૫૦-૦૦ |
| (૪) | યુનિવર્સિટી એનરોલમેન્ટ ફી | રૂા. ૧૨૦-૦૦ |
| (૫) | કૉલેજ પરીક્ષા ફી (સત્રદીઠ) | રૂા. ૧૨૫-૦૦ |
| (૬) | સ્ટુડન્ટ્સ એમીનીટી ફી (સત્રદીઠ) | રૂા. ૩૫૦-૦૦ |
| (૭) | વિદ્યાર્થી સંઘ ફી (વિદ્યાર્થીઓની રમતગમત વગેરે ઈતર પ્રવૃત્તિઓ માટે) (સત્રદીઠ) | રૂા. ૧૦૦-૦૦ |
| (૮) | કેમ્પસ ડેવલપમેન્ટ ફી (સત્રદીઠ) | રૂા. ૧૦૦-૦૦ |
| (૯) | વિદ્યાર્થી અને અધ્યાપક કલ્યાણ નિધિ રાહત (સ્ટુડન્ટ્સ એઈડ ફંડ) (સત્રદીઠ) | રૂા. ૩૦૦-૦૦ |
| (૧૦) | યુનિવર્સિટી વિકાસ ફંડ (સત્રદીઠ) | રૂા. ૫૦-૦૦ |
| (૧૧) | યુનિવર્સિટી સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષ ફંડ (સત્રદીઠ) | રૂા. ૨૦-૦૦ |
| (૧૨) | યુનિ. સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ | રૂા. ૨૦-૦૦ |
| (૧૩) | અનામત રકમો : (૧) કૉલેજ ડિપોઝીટ | રૂા. ૧૦૦-૦૦ |
| | (૨) લાયબ્રેરી ડિપોઝીટ | રૂા. ૨૦૦-૦૦ |
| (૧૪) | બુક્સ અને ઈક્વિપમેંટ ફી | રૂા. ૩૦૦-૦૦ |
| (૧૫) | રજિસ્ટ્રેશન પ્રોસેસ ફી (યુનિ.) | રૂા. ૨૦૦-૦૦ |
| (૧૬) | યુનિ. એકઝામ ફી | રૂા. ૩૩૦-૦૦ |
| (૧૭) | યુનિ. ફોર્મ ફી | રૂા. ૩૦-૦૦ |
| (૧૮) | એસાઈન્ટમેન્ટ બુક ફી | રૂા. ૫૦-૦૦ |

ગુજરાત રાજ્યસરકારના પરિપત્ર અનુસાર પ્રથમ વર્ષથી માંડીને એમ. એ. સુધી અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને ટ્યુશન ફી રૂા. ૬૦૦-૦૦ (એફ.વાય. થી ટી.વાય.), એમ.એ. ની ટ્યુશન ફી ૧૪૦૦/- ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. ટ્યુશન ફી સિવાયની બાકીની તમામ ફી તેમણે ભરવાની રહેશે.

કૉલેજ પુસ્તકાલય માટે ભરેલી અનામત રકમ પાછી મેળવવા માટે કૉલેજના કાર્યાલયે આપેલ એ રકમ દર્શાવતી અસલ પહોંચ રજૂ કરવાની રહેશે. સામાન્ય રીતે અનામતની રકમ જાન્યુઆરી અને ઑગસ્ટમાં પાછી અપાશે. અભ્યાસ છોડયા પછી એક વરસમાં જો અનામત રકમ પાછી લઈ જવામાં આવશે નહીં તો તે પાછી મેળવવાનો હક્ક રહેશે નહીં.

## ૪. અભ્યાસક્રમ :-

પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એ. ના વિદ્યાર્થીએ દરેક વર્ષે સાત પ્રશ્નપત્રોનો અભ્યાસ કરવાનો રહેશે. ફરજિયાત ભાષા અને સ્વૈચ્છિક વિષયોની પસંદગી કરવામાં વિદ્યાર્થીએ કાળજી રાખવી કારણકે વિષયોની આ પસંદગી તેની ભવિષ્યની કારકિર્દીને ઘણી અસર કરે છે. વળી એક વાર પસંદ કરેલા વિષયો પાછળથી બદલી શકાતા નથી.

હવે સરકારશ્રીના આદેશ પ્રમાણે અભ્યાસક્રમમાં વાર્ષિક પદ્ધતિને બદલે સેમેસ્ટર પદ્ધતિ દાખલ થઈ હોવાને કારણે વિદ્યાર્થીએ બી.એ.ની ડિગ્રી માટે કુલ છ સેમેસ્ટર ભણવું પડશે તેની નોંધ લેવી. સેમેસ્ટર પ્રમાણે વિષયવાર માહિતી જે તે વર્ગમાં અપાશે.

## એફ. વાય. બી. એ. (સેમેસ્ટર : I - II)

**વિદ્યાર્થીએ મુખ્ય વિષય અને ગૌણ વિષયની પસંદગી નીચે જણાવેલા પત્રક પ્રમાણે કરવાની રહેશે.**

| ક્રમ | મુખ્ય વિષય | ગૌણ વિષય (કોઈપણ એક વિષય) |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર |
| ૨ | ગુજરાતી | અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર |
| ૩ | હિન્દી | અંગ્રેજી, ગુજરાતી, ઈતિહાસ, માનસશાસ્ત્ર, સંસ્કૃત |
| ૪ | સંસ્કૃત | અંગ્રેજી, ગુજરાતી, ઈતિહાસ, માનસશાસ્ત્ર |
| ૫ | અર્થશાસ્ત્ર | અંગ્રેજી, ગુજરાતી, ઈતિહાસ, માનસશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર |
| ૬ | માનસશાસ્ત્ર | ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, આંકડાશાસ્ત્ર |
| ૭ | ઈતિહાસ | હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર |

પ્રથમ વર્ષના અભ્યાસ માટેના વિષયો નીચેનાં માળખાં મુજબ રહેશે.

(૧) લેવલ-I (Foundation Compulsory) ફરજિયાત ભાષા — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય
અંગ્રેજી (W & S Comm. P. I & II) અથવા
ગુજરાતી (પ્રત્યાયન કૌશલ) P. I & II અથવા
હિન્દી (ભાષા સાહિત્ય કૌશલ) P. I & II

(૨) લેવલ-II (Foundation Elective) આંતર વિદ્યાકીય વિષય : — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય
(૧) પર્યાવરણલક્ષી અભ્યાસ (Environmental Studies P. I & II )

(૩) લેવલ-III (Core Allied) (ID) પ્રશિષ્ટ ભાષા — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય
સંસ્કૃત (Classical Language) Sanskrit P. I & II) અથવા
આંકડાશાસ્ત્રનાં મૂળતત્વો (Elements of Statistics P. I & II)

(૪) લેવલ-IV (Core Course) Principal Subject — ૨ પ્રશ્નપત્ર ઐચ્છિક વિષય
મુખ્ય વિષય (P. I & II & III & IV)

(૫) લેવલ-V (Subjective Elective)(Subsidiary Subject) — ૨ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય
ગૌણ વિષય (P. I &II & III & IV )

(૬) લેવલ-VI એન.એસ.એસ./એન.સી.સી./ પી.ટી. / સપ્તધારા — ---
(કોઈપણ એક પ્રવૃત્તિમાં જોડાવું ફરજિયાત છે)

કુલ - ૭ પ્રશ્નપત્ર

## એસ. વાય. બી. એ. (સેમેસ્ટર : III - IV)

**નોંધ : ૧ - પ્રથમ વર્ષ બી. એ. માં ફરજિયાત ભાષા તરીકે જે ભાષા પસંદ કરી હશે તે જ ભાષા દ્વિતીય વર્ષ બી. એ. માં(લેવલ-૧માં)પણ ફરજિયાત ભાષા તરીકે ચાલુ રાખવાની રહેશે. અંગ્રેજી (હાયર લેવલ) અથવા ગુજરાતી અથવા હિન્દી.**

**નોંધ : ૨ - પ્રથમ વર્ષ બી. એ. માં જે ઐચ્છિક વિષયો પસંદ કર્યા હશે તેમાંથી જ એક મુખ્ય વિષય તરીકે (લેવલ-૩માં) અને બીજો ગૌણ વિષય તરીકે (લેવલ-૪માં)પસંદ કરવાનો રહેશે.**

દ્વિતીય વર્ષના અભ્યાસ માટેના વિષયો નીચેનાં માળખાં મુજબ રહેશે.

(૧) લેવલ-I (Foundation Compulsory) ફરજિયાત ભાષા — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય

અંગ્રેજી (W & S Comm. P. III & IV ) અથવા

ગુજરાતી પ્રત્યાયન કૌશલ P. III & IV અથવા

હિન્દી ભાષા સાહિત્ય કૌશલ P. III & IV

(૨) લેવલ-II (Foundation Elective)(ID) આંતર વિદ્યાકીય વિષયો — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય

(૧) વિવેચનના સિદ્ધાંતો (Principles of Literary Criticism P. III & IV)

અથવા

(૨) વસ્તી શિક્ષણ (Population Education P. III & IV )

(૩) લેવલ-III (Core Compulsory)મુખ્ય વિષય — ૩ પ્રશ્નપત્ર ઐચ્છિક વિષય

(P. V,VI,VII & P. VIII, IX, X)

(૪) લેવલ-IV (Core Elective) ગૌણ વિષય — ૨ પ્રશ્નપત્ર ઐચ્છિક વિષય

(P. V,VI & P. VIII, IX)

(૫) લેવલ-V એન.એસ.એસ./એન.સી.સી./પી.ટી./સપ્તધારા — ---

(પ્રથમ વર્ષની જ પ્રવૃત્તિ ચાલુ રાખવાની રહેશે.)

કુલ - ૭ પ્રશ્નપત્ર

## ટી. વાય. બી. એ. (સેમેસ્ટર : V - VI)

**નોંધ : ૧ - દ્વિતીય વર્ષ બી. એ. માં ફરજિયાત ભાષા તરીકે જે ભાષા પસંદ કરી હશે તે જ ભાષા ફરજિયાત ભાષા તરીકે ચાલુ રાખવાની રહેશે.**

**નોંધ : ૨ - દ્વિતીય વર્ષ બી. એ. માં જે મુખ્ય વિષય તરીકે પસંદ કર્યો હશે તે જ વિષય તૃતીય વર્ષ બી. એ. માં મુખ્ય વિષય તરીકે પસંદ કરવાનો રહેશે.**

તૃતીય વર્ષના અભ્યાસ માટેના વિષયો નીચેનાં માળખાં મુજબ રહેશે.

(૧) લેવલ-I (Foundation Compulsory) ફરજિયાત ભાષા — ૧ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય

અંગ્રેજી (W & S Comm. V & VI) અથવા

ગુજરાતી પ્રત્યાયન કૌશલ P. V& VI અથવા

હિન્દી ભાષા સાહિત્ય કૌશલ P. V & VI

(૨) લેવલ-II (Core compulsory) મુખ્ય વિષય — ૬ પ્રશ્નપત્ર ફરજિયાત વિષય

(P. XI to XVI & P. XVII to XXII)

(૩) લેવલ-III એન.એસ.એસ./એન.સી.સી./પી.ટી./ સપ્તધારા — ---

કુલ - ૭ પ્રશ્નપત્ર

**૫. શિસ્ત :-** એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના દરેક વિદ્યાર્થીના વર્તન અને વ્યવહાર કૉલેજમાં તેમજ કૉલેજની બહાર શિસ્તબદ્ધ અને સંસ્કારી હોય અને સંસ્થાની પ્રતિભા - પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડે તેવાં ન હોય એ આવશ્યક છે. આ અંગે જે કંઈ નિયમો અને સૂચનાઓ આચાર્યશ્રી તરફથી આપવામાં આવે તેનું પાલન વિદ્યાર્થીએ કરવાનું રહેશે. સંબંધિત તમામ વર્ગોમાં સમયસર હાજરી આપવાની રહેશે તથા વર્ગો શરૂ થાય ત્યાર બાદ કોલેજ લૉબી કે અન્ય કોઈપણ વર્ગખંડની નજીકની જગ્યાએથી પસાર થવું નહિ. અશિસ્ત આચરનાર વિદ્યાર્થી પરીક્ષામાં બેસતો અટકાવવાને પાત્ર બનશે અને તેનો કૉલેજમાંથી પ્રવેશ રદ થઈ શકે છે.

Ministry of Human Resource Development, Govt. of india Dept. of higher Education Letter No. 9-18 2008 (U-5) dt. 29-4-2008 તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પત્રાંક નં. F-1-8/2006 (CPP-II) તા. ૧૭-૫-૨૦૦૮ અંતર્ગત કૉલેજમાં રેગીંગ એ ગુનાહિત કૃત્ય છે. રેગીંગની પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ વિદ્યાર્થી ભાઈ/બહેનની સાથે કાયદેસરનાં શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. કૉલેજમાં યુજીસી અને સરકારના આદેશાનુસાર એન્ટી રેગીંગ સેલ અને પ્રીવેન્શન ઓફ સેક્સુઅલ હેરેસમેન્ટ સેલ, ગ્રીવન્સીસ રીડ્રેસલ સેલ કાર્યરત છે.

**૬. વર્ગમાં હાજરી :-** સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થી દરેક વર્ગમાં રોજ હાજર રહેવો જોઈએ. દરેક તાસમાં હાજરી લેવાશે અને એકપણ તાસમાં ગેરહાજર વિદ્યાર્થીની આખા દિવસની ગેરહાજરી ગણવામાં આવશે. પ્રથમ સત્રમાં ઓછામાં ઓછી ૭૫ દિવસની અને બીજા સત્રમાં ઓછામાં ઓછા ૮૦ દિવસની હાજરી હોવી જરૂરી છે. જેની હાજરી સંતોષકારક નહીં હોય એવા વિદ્યાર્થીઓનાં સત્રો અમાન્ય ઠરશે અને તે વિદ્યાર્થી યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની પાત્રતા ગુમાવશે. આચાર્યને સંતોષ થાય તે રીતે વિદ્યાર્થીએ વર્ગમાં હાજરી આપવાની રહેશે. હાજરીના ગુણ આપવામાં આવશે અને આંતરિક મૂલ્યાંકનના ગુણમાં તેનો સમાવેશ કરાશે.

**૭. ઓળખપત્ર :-** આ કૉલેજમાં દાખલ થયા બાદ જણાવવામાં આવે તે મુદતની અંદર દરેક વિદ્યાર્થીએ પોતાનું ઓળખપત્ર ફોટા સાથે લાયબ્રેરીમાં રજૂ કરી જરૂરી સહી સિક્કા કરાવી લેવા. **આ ઓળખપત્ર દરેક વિદ્યાર્થીએ હંમેશા બહાર દેખાય તે રીતે લગાવી પોતાની પાસે રાખવું અને માંગવામાં આવે ત્યારે રજૂ કરવું.**

**૮. મોબાઈલ પ્રતિબંધ :-** સરકારના નિયમાનુસાર કૉલેજ કેમ્પસમાં **વિદ્યાર્થીઓના મોબાઈલ ઉપયોગ પર પ્રતિબંધ છે.**

**૯. પુસ્તકાલય :-** આ કૉલેજનું લેડી કીકાભાઈ પ્રેમચંદ પુસ્તકાલય અલગ વિશાળ મકાનમાં આવેલું છે. આ પુસ્તકાલય અદ્યતન અને સમૃદ્ધ છે તેમજ અભ્યાસ અને સંશોધન માટે જરૂરી એવાં પુસ્તકો અને સામયિકો ધરાવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રત્યેક વિદ્યાર્થીએ પુસ્તકાલયકાર્ય કરવાનું ફરજિયાત

છે. આ કાર્યના ગુણ આંતરિક મૂલ્યાંકનની ગણતરીમાં લેવામાં આવશે.

**૧૦. એન.સી.સી., એન.એસ.એસ., સ્પોર્ટ્સ, શારીરિક શિક્ષણ :-** કૉલેજમાં પ્રવેશ મેળવનાર પ્રથમ વર્ષ તેમજ દ્વિતીય વર્ષના પ્રત્યેક વિદ્યાર્થી માટે એન.સી.સી., એન.એસ.એસ., રમતગમત કે શારીરિક તાલીમ એ ચારમાંથી કોઈપણ એક પ્રવૃત્તિમાં જોડાવું ફરજિયાત છે. નેશનલ કેડેટ કોર (એન.સી.સી.) માં જોડાનાર વિદ્યાર્થી - વિદ્યાર્થિનીને લશ્કરી તાલીમ આપવામાં આવે છે. આ કૉલેજના એન.સી.સી. કેડેટ્સ રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ યશસ્વી દેખાવ કરે છે તથા પરદેશમાં યોજાનાર કેમ્પમાં પણ પસંદગી પામે છે. આ કૉલેજના એન. સી. સી. કેડેટ ભાઈ - બહેનો ભારતીય લશ્કરમાં શોર્ટ કટ પ્રવેશ અંતર્ગત ડાયરેક્ટ કમિશન્ડ ઓફિસર તરીકે લેફ્ટનન્ટની રેંક સાથે લશ્કરી અધિકારી તરીકે પણ પસંદગી પામેલ છે.

આ ઉપરાંત કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) અંતર્ગત સામાજિક તથા સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે તથા કુદરતી આફતોના સમયે સમાજને ઉપયોગી થવા સ્વયંસેવકો હંમેશાં તત્પર હોય છે. દર વર્ષે કૉલેજ દ્વારા આયોજિત દસ દિવસીય શિબિર અંતર્ગત દક્ષિણ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ ઉદ્દેશ્યોને ખરા અર્થમાં પરિપૂર્ણ કરવા કૉલેજના સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને સમાજનું ઋણ યત્કિંચિત પરત કરવા હંમેશાં તત્પર રહે છે. આ ઉપરાંત રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ એન. એસ. એસ. ની યોજાતી શિબિરોમાં પસંદગી પામવાની તક પણ આ કૉલેજના વિદ્યાર્થીઓને રહેલી છે.

આ કૉલેજમાં ભાઈઓ તથા બહેનો માટેની વિવિધ પ્રકારની મેદાનની તેમજ ઈન્ડોર રમતો અને એથ્લેટિક્સ પ્રવૃત્તિઓ માટેની સગવડો છે. જે તે વ્યવસ્થામાં નિયત થયેલું કાર્ય અને નિયત થયેલી હાજરી વિદ્યાર્થીએ પૂરી કરવાની રહેશે. સંતોષકારક કામગીરી ન કરનાર વિદ્યાર્થીનાં સત્રો અમાન્ય ઠરશે અને તે યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા ગુમાવશે.

શારીરિક રીતે વિકલાંગ અથવા નિર્બળ સ્વાસ્થ્યવાળા અથવા સુરત શહેરની હદથી બાર કિ. મી. દૂરના અંતરે નિવાસ કરતા વિદ્યાર્થીઓને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાંથી મુક્તિ આપી શકાશે.

**૧૧. ગરીબ વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલય :-** ગરીબ અને લાયક વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી પુસ્તકો, ફક્ત ઘસારા ફી લઈને વર્ષની આખરે પાછાં આપવાની શરતે મળી શકે એવી વ્યવસ્થા છે. એનો લાભ લેવા ઈચ્છનાર વિદ્યાર્થીએ કૉલેજ ખૂલ્યા પછી પુસ્તકાલયમાંથી મળતાં ફોર્મ ઉપર અરજી કરવી.

**૧૨. તબીબી તપાસ :-** કૉલેજમાં પ્રથમ વર્ષમાં દાખલ થયેલા અને બીજી યુનિવર્સિટીમાંથી આવનાર વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરવાનો નિયમ છે. આ તપાસ માટે વિદ્યાર્થીએ કોઈ ફી આપવાની હોતી નથી. પરંતુ તે માટે તેણે કૉલેજે નક્કી કરેલ સમયે હાજર રહેવું પડશે. આ રીતે કાર્યક્રમ અનુસાર જે વિદ્યાર્થીએ તબીબી તપાસ નહીં કરાવી હોય તેણે પછી પોતાના ખર્ચે તે કરાવવાની રહેશે. નિયમાનુસાર તબીબી તપાસ ન કરાવનારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. **વિદ્યાર્થીઓને માટે કોલેજમાં હેલ્થ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે.**

**૧૩. પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકન :-** દરેક વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિનું પરીક્ષા દ્વારા મૂલ્યાંકન

બે વિભાગમાં થશે. કૉલેજ દ્વારા લેવાતી કસોટી (આંતરિક મૂલ્યાંકન) દ્વારા અને સત્રાન્તે યુનિવર્સિટી દ્વારા લેવાતી જે વિદ્યાર્થી બાહ્ય પરીક્ષામાં ૪૮ ટકા કે તેથી વધારે પરંતુ ૬૦ ટકા કરતાં ઓછા તેમજ બાહ્ય અને આંતરિક પરીક્ષા મળીને ૪૮ ટકા કે તેથી વધારે પરંતુ ૬૦ ટકા કરતાં ઓછા ગુણ મેળવશે તેને બીજો વર્ગ પ્રાપ્ત થશે. એવી જ રીતે જે વિદ્યાર્થી બાહ્ય પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધારે ગુણ મેળવશે અને બાહ્ય અને આંતરિક મૂલ્યાંકન મળીને ૬૦ ટકા કે તેથી વધારે ગુણ મેળવશે તે પ્રથમ વર્ગ મેળવવા પાત્ર ઠરશે.

**૧૪. અનુસ્નાતક અભ્યાસક્રમો :-** એમ. ટી. બી. આટ્ર્સ કૉલેજને નીચેના વિષયોમાં અનુસ્નાતક (એમ.એ.) શિક્ષણકેન્દ્રો માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્યતા અપાયેલી છે.

(૧) ગુજરાતી (૨) હિન્દી (૩) સંસ્કૃત (૪) ઇતિહાસ (૫) મનોવિજ્ઞાન

આ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની અરજી યુનિવર્સિટીને મોકલવાની હોય છે. આ કૉલેજમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત તથા માનસશાસ્ત્ર વિષયોમાં પીએચ.ડી. ડિગ્રીના અભ્યાસ માટે પીએચ.ડી.ના માર્ગદર્શન માટે માન્ય સુપરવાઈઝર અધ્યાપકો છે. આ વિષયોમાં પીએચ.ડી. માટે વિદ્યાર્થીની નોંધણી કરી શકાય છે.

**૧૫. હૉસ્ટેલ :- એમ.ટી.બી. આટ્ર્સ કૉલેજ** સંચાલિત બહેનોની એક અલગ હોસ્ટેલ છે, જેમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. ભાઈઓ માટેની હૉસ્ટેલની સગવડ કેમ્પસમાં ભગિની સંસ્થા પી. ટી. સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સની હૉસ્ટેલમાં કરવામાં આવી છે. હૉસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થીઓએ તેના નિયમો પાળવાના રહેશે. દરેક છાત્રે હૉસ્ટેલના રસોડે ફરજિયાત જમવું પડશે. હૉસ્ટેલમાં રસોડાં છાત્રો પોતે ભેગા મળીને ક્લબ તરીકે ચલાવે છે કે કોન્ટ્રાક્ટ દ્વારા ચલાવવામાં આવે છે. જો કોઈ સંજોગોમાં રસોડું બંધ થાય તો વિદ્યાર્થીઓએ ભોજનની સગવડ જાતે કરવાની રહેશે. હોસ્ટેલ ડિપોઝીટ રૂા.૨૦૦૦/-, વાર્ષિક હોસ્ટેલ ફી રૂા.૬૦૦૦/-, મેસ ફી રૂા. ૧૪૦૦૦/- અને સત્રાંત હોસ્ટેલ ફી રૂા. ૭૫૦૦/-.

**૧૬. વિદ્યાર્થી વર્ગ પ્રતિનિધિસભા :-** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કૉલેજો માટે તૈયાર કરેલા વિદ્યાર્થી વર્ગ પ્રતિનિધિ સભાના બંધારણને આ કૉલેજે અપનાવ્યું છે જેને આધીન રહી સ્ટુડન્ટ્સ કાઉન્સિલની રચના સામાન્ય રીતે પ્રવેશકાર્ય પૂરું થાય પછી અનુકૂળતાએ કરવામાં આવશે. ત્યાર પછી વિદ્યાર્થી સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો આરંભ થશે. તમામ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થી ઉમંગથી રસ લેશે એવી અમે શ્રદ્ધા રાખીએ છીએ. કૉલેજમાં અનેક પ્રકારની રમતો રમાડવાની ખાસ વ્યવસ્થા છે. કૉલેજ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. કૉલેજ તરફથી રમતો રમવાને માટે કે સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લેવાનું વિદ્યાર્થીને કહેવામાં આવે તો એણે તે સ્વીકારવું પડશે. જે સ્પર્ધાઓમાં કૉલેજે ભાગ લીધો હોય તે સ્પર્ધામાં કૉલેજના નિયમિત વિદ્યાર્થી - વિદ્યાર્થિની કૉલેજ તરફથી ભાગ લેવાની ના પાડીને આચાર્યની પરવાનગી વગર બીજી સંસ્થા તરફથી ભાગ લઈ શકશે નહીં.

**૧૭. વિદ્યાર્થી કલ્યાણ ફંડ :-** ગરીબ વિદ્યાર્થીઓને તેમની ફી માફી માટે, તબીબી રાહત માટે તેમજ અન્ય આવશ્યકતા માટે કૉલેજમાં વિદ્યાર્થી કલ્યાણ ફંડ રચવામાં આવ્યું છે. આ ફંડમાંથી લાયક અને ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરી શકાય એ માટે ફંડ સતત વિકસતું રહે એ આવશ્યક છે. સાધનસંપન્ન વિદ્યાર્થીઓને આ ફંડમાં દાન આપવાની અમે વિનંતી કરીએ છીએ. છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ કૉલેજ છોડી જાય ત્યારે તેમની પોતાની અનામત રકમ પણ ફંડમાં આપી જશે તો તેનાથી પણ ઘણી મદદ થશે. છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને આ બાબત ધ્યાનમાં

રાખવા અમે વિનંતી કરીએ છીએ.

**૧૮. સ્કોલરશિપ તથા પારિતોષિકો :-**એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં વિદ્યાકીય તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓના પ્રોત્સાહન અર્થે વિવિધ પ્રકારની સ્કોલરશિપ તથા અન્ય પારિતોષિકો આપવામાં આવે છે. પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તથા તૃતીય વર્ષની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ખાસ પારિતોષિક આપવામાં આવે છે.

કૉલેજની ઈતર પ્રવૃત્તિઓ જેવી કે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગીત સ્પર્ધા, રમતોત્સવમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીને પણ પારિતોષિક દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ ઉપરાંત આર્થિક મુશ્કેલી અનુભવતા લાયક વિદ્યાર્થીને આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

# B.A. Sem I ની ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા–૨૦૨૨–૨૩ અંગેનો કાર્યક્રમ

## પ્રથમ રાઉન્ડ

| | | |
|---|---|---|
| ૧. | ૫૫ % અથવા તેથી વધુ માર્કસવાળા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન પ્રવેશ ફોર્મ અને ફી ભરવાની તારીખ | સમય : સવારે ૧૧–૦૦ થી બપોરે ૩–૦૦ |
| ૨. | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરેલ ૫૫% અને તેથી ઓછા માર્કસ વાળા વિદ્યાર્થીઓનું મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ પર મુકવાની તારીખ | |
| ૩. | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરેલ ૫૫% અને તેથી ઓછા માર્કસ વાળા વિદ્યાર્થીઓનું મેરીટ લીસ્ટ પ્રમાણે ફી ભરવાની તારીખ | સમય : સવારે ૧૧–૦૦ થી બપોરે ૩–૦૦ |
| | | |

## બીજો રાઉન્ડ (જરૂર પડયે)

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |